
सा विद्या या विमुक्तये

# શારદ

સપ્ટેમ્બર ૨૦૧૭ – વર્ષ ૩૬, અંક ૧





બાલમંદિરમાં તહેવારોની ઉજવણી

ધ્વજવંદન કાર્યક્રમ તા. ૧૫-૮-૨૦૧૭











મતદાર જાગૃતિ કાર્યક્રમ

सा विद्या या विमुक्तये

# શારદ

શારદામંદિર, અમદાવાદ.

સપ્ટેમ્બર, ૨૦૧૭
વર્ષ ૩૬, અંક-૧

**વિદ્યાર્થી મિત્રો,**

**વાલીગણ**

સસ્નેહ

નવા સત્રથી દાખલ થનાર વિદ્યાર્થી ભાઈ બહેનને શારદામંદિર પરિવાર વતી આવકારું છું. જે ધ્યેય અને આશાઓ સાથે શાળામાં એડમીશન મેળવનાર બાળકો અને તેમના વાલીઓની જે આશા છે તે શિક્ષકમિત્રો અને સ્ટાફ દ્વારા મહેનત પૂરી થાય તેવી આશા.

નવા વર્ષની શરૂઆતમાં વિજ્ઞાન પ્રવાહમાં સેમીસ્ટર પધ્ધતિ દૂર થઈ જાણી આનંદ થયો. વાલીવર્ગ પણ ખુશ થયો. પણ JEE અને NEET ની પરીક્ષાના છબરડાથી ગુજરાતના બાળકોને ઘણું જ નુકશાન થયું, શરૂઆત હતી હવે ટેવાવું પડશે. સાયન્સમાં પ્રેક્ટીકલ ફરજિયાત બનતા હાજરી ફરજિયાત બની છે. સરકારશ્રી દ્વારા JEE/NEETના ક્લાસ શાળામાં શરૂ કરવામાં આવે તો વધુ સારું પરિણામ આવી શકે તેમ છે.

હાલની પરિસ્થિતિમાં શાળાએ આવતા બાળકોને હજુ કેટલાક વાલી તૈયાર પડીકાવાળો નાસ્તો મોકલાવે છે તે અયોગ્ય છે. બાળકોને નાસ્તો ડબ્બામાં ઘેર બનાવેલ આહાર મોકલાવવાનો આગ્રહ રાખવો જરૂરી બન્યો છે. આપણી શાળા એક મંદિર છે. વાલીઓ પણ શાળાની મુલાકાત લે, ત્યારે સભ્ય ડ્રેસમાં આવે તે જરૂરી છે. વાલીઓ પણ બાળકના સર્વાંગી વિકાસ માટે શાળાની ચાલતી પ્રવૃત્તિમાં ભાગ લેવાનું બાળકને સમજાવે. હાલના સંજોગોમાં સર્વાંગી કેળવણી ખૂબ જરૂરી બની છે.

મેટ્રો ટ્રેનના કામકાજના કારણે તેમજ સાંકડા રસ્તાના કારણે વાહન વ્યવહારમાં તકલીફ પડે છે. પરંતુ પરિસ્થિતિ અનુસાર શાળાની વ્યવસ્થામાં સહકાર આપશો.

આભાર.

**- વિજયભાઈ રાવલ**
**આચાર્ય**

## આ અંકમાં


- પરીક્ષા અંગે
- તહેવારોની ઉજવણી
- વિશ્વયોગ દિન
- પ્રવૃત્તિઓ
- Activities - Report
- Activies - Competitions
- અભિનંદન - સ્પર્ધાના વિજેતાઓ
- મહામંડળના પ્રતિનિધિઓ
- વિદ્યાર્થી વિભાગ
- Student's Corner
- ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ જોગ
- ચાલો બનાવીએ
- પ્રેરણાત્મક
- શ્રધ્ધાંજલિ

## શારદામંદિર - માર્ચ ૨૦૧૭ બોર્ડનું પરિણામ

### ગુજરાતી માધ્યમ

| ધોરણ | પરીક્ષામાં બેઠા | પાસ થયા | ટકા |
|---|---|---|---|
| ૧૦ | ૧૦૧ | ૯૬ | ૯૫.૫% |
| ૧૨ - વિજ્ઞાન | ૫૨ | ૫૦ | ૯૬.૧૫% |
| ૧૨ - કોમર્સ | ૭૦ | ૬૫ | ૯૨.૮૫ % |

### અંગ્રેજી માધ્યમ

| ધોરણ | પરીક્ષામાં બેઠા | પાસ થયા | ટકા |
|---|---|---|---|
| ૧૦ | ૪૮ | ૪૮ | ૧૦૦% |
| ૧૨ - વિજ્ઞાન | ૨૫ | ૨૩ | ૯૨% |
| ૧૨ - કોમર્સ | ૧૩ | ૧૨ | ૯૨.૩૦% |

## પરીક્ષા અંગેનો કાર્યક્રમ (૨૦૧૭-૨૦૧૮)

| પરીક્ષા | ધોરણ | તારીખ | | |
|---|---|---|---|---|
| પૂરક પરીક્ષા SSC/HSC (Com.) | 10, 12 | 8-7-17 | to | 11-7-17 |
| SA-1 પ્રથમ કસોટી | 9,10,11,12 | 14-9-17 | to | 22-9-17 |
| SA-2 બીજી કસોટી | 9,10,11,12 | 29-1-18 | to | 7-2-18 |
| બોર્ડના વિષયની શાળાકક્ષાએ લેવાની સૈધ્ધાંતિક / પ્રેક્ટિકલ પરીક્ષા | 10,12 | 14-2-18 | to | 17-2-18 |
| પ્રાયોગિક પરીક્ષા | 12 (Sc.) | 20-2-18 | to | 24-2-18 |
| બોર્ડની પરીક્ષા | 10,12 (તમામ પ્રવાહ) | 12-3-18 | to | 28-3-18 |
| શાળાકીય વાર્ષિક પરીક્ષા | 9, ધો. 11 | 5-4-18 | to | 13-4-18 |

### શૈક્ષણિક વર્ષ - 2017-18 ધો. 9,10 FA / SA

| ધો. 9 | | ધો. 10 |
|---|---|---|
| તા. 22-7-17 સુધીમાં | FA-1 | તા. 22-7-17 સુધીમાં |
| તા. 9-9-17 સુધીમાં | FA-2 | તા. 9-9-17 સુધીમાં |
| તા. 14-9-17 સુધીમાં | SA-1 | તા. 14-9-17 સુધીમાં |
| તા. 9-12-17 | FA-3 | તા. 9-12-17 સુધીમાં |
| તા. 20-2-18 | FA-4 | તા. 20-1-18 સુધીમાં |
| તા. 5-4-18 to 13-4-18 | SA-2 | તા. 29-1-18 to 7-2-18 |

# - પ્રવૃત્તિઓ -

## જન્માષ્ટમી

બાલમંદિરમાં તા. ૧૨-૮-૨૦૧૭ના રોજ જન્માષ્ટમી ઉત્સવની ઉજવણી કરવામાં આવી. કૃષ્ણને ટોપલામાં બેસાડી અને ગોપાલકૃષ્ણ - રાધેકૃષ્ણની ધૂન ગાવામાં આવી હતી. જ્યાં બાળકો અને વાલીઓ ગાવામાં તરબોળ બની ગયા હતાં.

## રક્ષાબંધન

ભાઈ-બહેનોના પ્રેમને વાચા આપતું ''રક્ષાબંધન''ના પર્વની ઉજવણી તા. ૫-૮- ૧૭ ના રોજ કરવામાં આવી હતી અને બાળકોને આ પર્વ વિષેની સમજ આપવામાં આવી હતી.

## ગૌરીવ્રત પૂજા

અષાઢ માસમાં દેવી ગૌરીમાતાના પૂજા-અર્ચનાના સંદર્ભમાં 'શારદામંદિર શિશુમંદિર'ના ધો. ૧ થી ૪ની વિદ્યાર્થિનીઓ અને શિક્ષકો દ્વારા ગૌરીવ્રત નિમિત્તે દરરોજ ઝવેરાનું પૂજન તથા ગરબા અને ગીત-સંગીતનું આયોજન કર્યું હતું. તેમાં વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ ઉત્સાહસભર ભાગ લીધેલો હતો. શિક્ષકોએ તેમને ગૌરીવ્રત વિશેની વિશેષ સમજ આપી તેમને વાકેફ કર્યા હતાં.

## ગુરુવંદના

શારદામંદિર શિશુમંદિર ના ધો. ૧ થી ૮ ના તમામ વિદ્યાર્થીઓએ 'ગુરૂવંદન' અને 'ગુરૂશિષ્ય'નો પ્રેમ દર્શાવ્યો હતો અને ધો. ૧ થી ૮ના વિદ્યાર્થીઓએ સ્ટેજ પર આવીને પોતાના વિચારો રજૂ કર્યા હતાં.

## મહેંદી સ્પર્ધા

તા. ૫-૭-૨૦૧૭ના દિવસે શિશુમંદિરની ધો. ૫ થી ૮ના વિદ્યાર્થિનીઓ દ્વારા 'મહેંદી સ્પર્ધા' યોજવામાં આવી હતી. તેમાં કુલ ૧૨ વિદ્યાર્થિનીઓએ ઉત્સાહથી ભાગ લીધેલ હતો.

**વિજેતા થયેલી વિદ્યાર્થિનીઓ**

| | | |
|---|---|---|
| ૧. | શેલાર આસ્થા યોગેશભાઈ (ગંગોત્રી) | ૮-અ |
| ૨. | રાજદેવ વૈષ્ણવી અમિષભાઈ (ગંગોત્રી) | ૮-અ |
| | ગોહેલ વૃશાલી સૌરીનભાઈ (ધવલગીરી) | ૮-બ |
| ૩. | દરજી આયુશી વિષ્ણુભાઈ (રત્નદીપ) | ૮-બ |
| | વાઢેળ હર્ષાણી મનહરભાઈ (ગંગોત્રી) | ૭-બ |

## તહેવારોની ઉજવણી

ઓગસ્ટ એટલે તહેવારો. ઓગસ્ટ એટલે રજાઓ.

શું તહેવારો એટલે રજાઓ ?

શું રજાઓ એટલે મોજમજા, જમણવાર, આરામ, રખડપટ્ટી ?

શું તહેવારના દિવસે મોજમજા કરવા માટે શાળામાં રજા હોય છે ?

ના. વિદ્યાર્થીઓ ભણતરના ભાર વગર હોંશે હોંશે તહેવારની ઉજવણી કરી શકે, તેથી શાળામાં તહેવારને દિવસે રજા આપવામાં આવે છે.

તો, તહેવારોની ઉજવણી આપણે શા માટે કરીએ છીએ ?

તહેવારોની ઉજવણી આનંદ માટે થાય છે, રસમાં વૃદ્ધિ માટે તેમજ સંસ્કૃતિના ઘડતર માટે થાય છે.

મિત્રો, શું ખરેખર આપણને તહેવારની ઉજવણી કરવામાં સાચો આનંદ મળે છે ? હા ? ના ? ખબર નહીં ? કે બધા કહે છે અને કરે છે એટલે આપણે માની લઈએ છીએ ! વિચારવાની વાત છે.

ખરી વાત એ છે કે જીવનમાં કેટલુંક 'ભણતર' એવું છે કે જે શાળાના ભણતર કરતાં પણ ઊંચું  હોય છે; તેને **જીવનના ઘડતર** માટેનું ભણતર કહી શકાય અને તે માટે દુનિયાભરના લોકો ભાતભાતના તહેવારો ઉજવતા હોય છે. આપણા ઉત્સવોમાં વિદ્યાર્થીઓના સર્જનને યોગ્ય અવકાશ મળે, તે માટે રંગોળી, સાથિયા, મહેંદી વગેરે કલાઓને સંસ્કૃતિ સાથે વણી લેવામાં આવી છે.

સર્જન એટલે વિકાસ. સર્જન એટલે 'મક્રિહ ક્ષીદ્રીક્ષૈદ્ધીહં', સર્જન એટલે ઘડતર અને ભણતર. સર્જન એટલે આનંદ, જે અંદરથી આવે છે, કૃત્રિમરીતે, બહારથી નહીં.


**બાળકોની સર્જનાત્મક શક્તિ વધે, તે રીતે તહેવારોની ઉજવણી કરવી જરૂરી છે.**

❖





# - પ્રવૃત્તિઓ -



## વિશ્વ યોગ દિન



સરકારશ્રીના આદેશ અનુસાર ૨૧મી જૂન ''આંતરરાષ્ટ્રીય યોગ ઉત્સવ''ના ભાગરૂપે આપણી શાળાના પ્રાથમિક વિભાગમાં યોગનું પૂર્વ આયોજન, એક અઠવાડિયા પહેલા કરવામાં આવ્યું હતું.

**પૂર્વ આયોજન :** સૌ પ્રથમઆચાર્યશ્રીએ 'વિશ્વયોગ દિનની ઉજવણી' ની જાણ શાળા પરિવારના શિક્ષકમિત્રો તેમજ વ્યાયામશિક્ષકશ્રી તથા વિદ્યાર્થીઓને કરી હતી. કાર્યક્રમની સફળતા માટે શાળા પરિવારના વ્યાયામશિક્ષકશ્રી યોગ વિદ્યાના પારંગતને આમંત્રિત કરવામાં આવ્યા. તેમના માર્ગદર્શન હેઠળ રોજ સવારે ૮-૦૦ થી ૧૦-૦૦ સુધી કાર્યક્રમ ગોઠવવામાં આવ્યો.

પ્રથમ તબક્કામાં વિદ્યાર્થીઓએ યોગ વિષયને અનુલક્ષીને ચિત્ર સ્પર્ધા રાખવામાં આવી હતી. ત્યારબાદ દ્વિતીય કક્ષાએ વક્તૃત્વ સ્પર્ધા રાખવામાં આવી હતી, અને નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યુ હતું. વિશ્વ યોગદિન' ના આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. કાર્યક્રમની શરૂઆત વ્યાયામ શિક્ષકશ્રીના વક્તવ્યથી થઈ. તેઓશ્રીએ યોગ સંસ્કૃતિ, યોગનું મહત્વ, આરોગ્ય અને સુખાકારી માટે યોગાભ્યાસ, આહાર-વિહાર, આપણા જીવનમાં યોગ કેવી રીતે સહાયતા કરે છે? તે તમામ વિષયોનું છણાવટ કરીને વિદ્યાર્થીઓને જાણકારી આપી હતી. ત્યારબાદ સતત પાંચ દિવસ સુધી દરરોજ વિદ્યાર્થીઓને સવારે ૭-૩૦ થી ૯ વાગ્યા સુધી યોગાસનની તાલીમ આપવામાં આવી હતી. જેના પરિણામે ૨૧ મી જૂને કાર્યક્રમ ખૂબ ઉત્સાહપૂર્વક ઉજવવા માટે વિદ્યાર્થીઓ તથા શાળા પરિવાર ખૂબ આતુર બની ગયો.

**૨૧ મી જૂન ''વિશ્વ યોગ દિન ઉજવણી''**

૨૧ મી જૂન! આપણો ''વિશ્વ યોગ દિન'' તા. ૨૭ સપ્ટેમ્બર ૨૦૧૪ના રોજ સંયુક્ત રાષ્ટ્રસંઘની ૬૯મી સામાન્ય સભાને સંબોધિત કરતી વખતે ભારતના માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી એ વિશ્વ સમુદાયને આંતરરાષ્ટ્રીય યોગ દિવસ તરીકે અપનાવવા માટે વિનંતી કરી હતી અને ૧૭૭ દેશોમાં સર્વસંમતિ દ્વારા ૧૧ ડિસેમ્બર ૨૦૧૪ના રોજ સંયુક્ત રાષ્ટ્ર મહાસભાએ આ દરખાસ્તો મંજૂર કરી. ૨૧ જૂનને ''આંતરરાષ્ટ્રીય યોગ દિવસ'' તરીકે સ્થાપિત કરવા ઠરાવ કર્યો હતો.

પ્રથમ આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ૨૧ જૂન ૨૦૧૫માં નવી દિલ્હીના રાજપથમાં આયોજન થયું હતું. જેમાં બે ગ્રિનીઝ વિશ્વવિક્રમો બનાવ્યા જેમકે, (૧) ૩૫,૯૮૫ પ્રતિભાગીઓની સાથે સૌથી મોટુ યોગ સત્ર તથા (૨) એક જ યોગાભ્યાસમાં સૌથી વધારે ૮૪ દેશોના નાગરિકોની હાજરી રહી હતી. ભારત તથા વિદેશીઓ મળીને લગભગ ૧૩૦૦ પ્રતિનિધીઓએ તેમાં ભાગ લીધો.





આ વર્ષે શાળામાં પૂર્વ આયોજન પ્રમાણે ૨૧ જૂનની સવારે ૬-૩૦ કલાકે આચાર્યશ્રી, શિક્ષકમિત્રો, વહીવટી કર્મચારીઓ તથા ધો.૧ થી ૧૨ના તમામ વિદ્યાર્થીઓ શાળાના પટાંગણમાં હાજર રહ્યા.

**કાર્યક્રમની શરૂઆત :** યોગ વિદ્યાના જાણકાર વ્યાયામશિક્ષકશ્રીના માર્ગદર્શન પ્રમાણે કાર્યક્રમની શરૂઆત થઈ. બાળકોએ પોતાનું સ્થાન ગ્રહણ કર્યા પછી પ્રાર્થનાગીત ગાયું. ત્યારબાદ સવારે ૭-૩૦ કલાકે યોગાસન વિદ્યાર્થીઓ દ્વારા શરૂઆત કરવામાં આવ્યા. જેમાં પ્રારંભિક આસન સમૂહ, વાયુ નિરોધક આસન, ધ્યાનના આસનો, વજ્રાસન અને વજ્રાસનમા કરાતાં આસનો, સૂર્યનમસ્કાર, ચંદ્ર નમસ્કાર, પદ્માસન, સંતુલનનાં આસન, પ્રાણાયામ જેવા આસનો કરવામાં આવ્યા. સવારે ૯-૩૦ કલાકે આસનોની પૂર્ણાહુતિ થઈ.

બાળકોમાં સૂઝબૂઝ, સંયમ, ધ્યાન જેવા ગુણોનું દર્શન થયું.

કાર્યક્રમની પૂર્ણાહુતિ : કાર્યક્રમના અંતે યોગાસનનું જીવનમાં મહત્વ સમજાવી રાષ્ટ્રગીત ગવાયું, ત્યારબાદ વિદ્યાર્થીઓને મોં મીઠું કરાવીને કાર્યક્રમની પૂર્ણાહુતિ કરવામાં આવી. આ કાર્યક્રમ એક યાદગાર સંભારણું મૂકીને રહી ગયો.

॥ योगः कर्मसु कौशलम् ॥

# - પ્રવૃત્તિઓ -

## મતદાર જાગૃતિ અભિયાન



તા. ૧૯-૭-૨૦૧૭ને બુધવારના રોજ ડી.ઈ.ઓ. અને કલેક્ટરશ્રીના આદેશને અનુસાર શાળાના પ્રાર્થનાખંડમાં ધો. ૧૦ થી ૧૨ના વાલીઓ અને વિદ્યાર્થીઓ સાથે એક મીટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત પ્રાર્થનાથી કરવામાં આવી. બંને માધ્યમમાંથી ૬૦ વાલીઓ હાજર રહ્યા. કાર્યક્રમમાં "મતદાર જાગૃતિ અભિયાન" અંગે ચર્ચા કરવામાં આવી. શાળામાંથી BLO તરીકે નિમણુંક પામેલ શિક્ષક શ્રી સુનિતાબેન પટેલે વોટર-આઈડી અપડેટ કરવા વિશે તેમજ વખતો વખત બદલાઈ રહેલા બુથ વિશે જાણકારી આપી. શિક્ષકમિત્રો, વિદ્યાર્થીઓ તથા વાલીઓએ આ જાણકારીથી સંતોષ થયો.



## ધ્વજ વંદન

તા. ૧૫-૮-૨૦૧૭ને મંગળવારના રોજ સવારે ૮ કલાકે શાળાના પટાંગણમાં દેશના ૭૧મા સ્વાતંત્ર્ય દિન નિમિત્તે સંસ્થાના **વિનયમંદિર વિભાગના મદદનીશ શિક્ષક બહેન દિપાબેન એચ. ભટ્ટના હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું.**



## બાલ સંસ્કરણ કાર્યક્રમ

તા.૨૯-૬-૨૦૧૭ને ગુરુવારના રોજ સવારે ૮-૨૦ કલાકે દર વર્ષની જેમ આ વર્ષે પણ બાલ સંસ્કરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ. બાલ સંસ્કરણના આ કાર્યક્રમમાં જૈનમુનિ પ.પૂ.મુનિચંદ્ર સૂર્યસ્વરીજી મહારાજ સાહેબ શાળામાં પધારેલ અને બાળકોને શિસ્ત, સંસ્કાર, વ્યસનમુક્તિ અને લક્ષ્ય કેવી રીતે પ્રાપ્ત કરવું તે અંગે માર્ગદર્શન આપેલ. બાળકોને પોતાનું કર્મ શું છે તે સમજાવેલ. ખૂબ જ સફળ કાર્યક્રમ રહેલ અને બાળકોએ ધ્યાનથી આ કાર્યક્રમ નીહાળ્યો હતો.

---

### વેકેશનની તારીખો

**દિવાળી :** ૧૬-૧૦-૧૭ થી ૫-૧૧-૧૭

**ઉનાળુ :** ૧-૫-૧૮ થી ૪-૬-૧૮

# Activities

## Yoga Day Report

**Shardamandir Modern School** organised various activities and this was welcomed very enthusiastically by the students of various age groups.

**Competition for Drawing, Essay writing and Elocution speech :** Large number of Students contributed under the guidance of our respected Principal Payalben. Following students won laurels in the following categories

**(A)**
**Drawing Competition**
Zaveri Mahi Vinodkumar

**(B)**
**Elocution Competition**
Shaivee Rathore, XIth Comm.
Raj Gandhi , XIth Comm.
Raj Gandhi XIth Comm.

**(C)**
**Essay Competition**
Nikhil Kapoor, XIth Comm.

Topics relating to 'Ashtang Yog' and 'Yoga' and health were preferred by students in Elocution competition.
Where as India's contribution in the field of 'Yoga' was more liked by participants, in Essay Competition.

## Handwriting Competition

Handwriting is an essential skill for every student. Handwriting activates the brain. In our modern world people are judged by their handwriting. Handwriting is a part of personality. Students feel happy and confident by good handwriting skill. We had arranged a handwriting competition for Std. 1st to 4th to develop their handwriting skill. All students participated with enthusiam.

**The result of handwriting competitions**

■ **Std. I**

| Rank | |
|---|---|
| 1st | Gujarati Mudra Jayeshkumar |
| 2nd | Rajput Purva Vinikumar |
| 2nd | Prajapati Dhvanil Rajubhai |
| 3rd | Muchhadiya Naitik Himanshubhai |
| 3rd | Thakor Navya Arvindbhai |

■ **Std. II**

| Rank | |
|---|---|
| 1st | Patel Veet Tejasbhai |
| 2nd | Parmar Sanskruti Vishalbhai |
| 3rd | Pandya Preksha Amitkumar |

■ **Std. III**

| Rank | |
|---|---|
| 1st | Shukla Stavya Rakshitkumar |
| 2nd | Sevak Dhyana Tarak |
| 3rd | Prajapati Hevin Viralkumar |
| 3rd | Singh Anshika Raghavendra |

■ **Std. IV**

| Rank | |
|---|---|
| 1st | Gohel Druma Vinodkumar |
| 2nd | Bamboowala Aditya Nikhilbhai |
| 3rd | Shah Tanish Chiragbhai |
| 3rd | Khandwala Vansh Malav |

## Teachers - Parents Meeting

- A meeting for Standard 1st to 6th was held in the month of June. Parents were informed informed that the school is very serious about the progress of children and is continuesly putting 100% efforts for their children development and improvement. Parents were informed about the rules and regulations of School and suggested the students should bring healthy food for their lunch. Parents liked the Idea of worksheet for Standard 1st to 5th and monthly exam in 1st to 4th Standards.
  Parents suggested the School should give them home work diary.
- Election of G.S.and A.G.S. was held in the presence of Class Captain, Group Captain and Students. Students selected the G.S. and A.G.S. of Standard 9th. The detail is as under.

**G.S :**
(1) Rana Hrishikesh Harishbhai
(2) Shah Hetanshi Sanjaybhai

**A.G.S. :**
(1) Somani Om Dineshbhai
(2) Upadhyay Yajasi Yagneshbhai

# Activities



## Gurupurnima Celebration

On 8th July, Gurupurnima's day, a program to enrich the Student - Teacher relationsip was held by the combined effort of Shardamandir School and Bharat Vikas Parishad.

In this Programme about 300 students and teachers took part. In this programme president of Bharat Vikas Parishad Shri Vijaybhai Bhakkad and Vice President remained present.

The programme started with Vande Mataram. Then there was a prayer and shloka reciting programme. Then after they introduced their parishad shakha. The teachers were welcomed with flowers and teachers gave crystal sugar as a blessing and love.

There was a heart touching speech by the invitees -Bharat Vikas Parishad. There was a drama on topic, the relationship between Guru and Shishya. A beautiful message was delivered.

Students took oath to respect the teachers and departed with a heavy heart.

## Sugam Sangeet Competition

On 11th August 2017, Friday there was a Sugam Sangeet Competition held by Sulochanaben Narottam Mahila Gruh Udyog at Mahalaxmi Cross Road. **Deshna, Prerak Patel** and **Dhruvrajsingh Gohil** participated in this Competition.

Deshna sang a Gujarati Song named "Ekvaar Shyam Tari" and table and harmonium were played by Prerak and Dhruvraj.

There were twenty four other participants, who participated in this competition. Gujarati playback singer Kalyaniben Shah was the Judge.

It was really a great learning experience for all of us and it was such a nice competition.

## Mehndi Competition

As Mehndi Competition is held every year during Gauri Vrat, this year, also we arranged it on 5th July. The Students had an opportunity to show their creativity and talent through this competitios. Students' efforts, individual inputs in the form of planning, designing, outlining and presenting the final mehndi design made the day for the winnners.

**The result is :**

| First Rank | Second Rank | Third Rank |
|---|---|---|
| Rathod Namrata Kanaiyala (Std.8 - Parijat) | Shah Hetanshi Sanjaybhai (Std.9 - Palash) | Parmar Honey Uditbhai (Std. 9 - Palash)<br>Shah Dhruvi Manishbhai (Std.9 - Amaltas) |

## Science: Hollow Trees



On one evening in year 2007, two scientists in a forest in India heard a curious noise, like "tik-tik-tik," "croink-croink." The scientists were researchers, amphibian biologists at the University of Delhi, and they knew that frogs were making the sounds. But they were surprised that the sound came from high in the trees.

They discovered that the frogs were living inside hollows in the trees' trunks. Like apartments in high-rise buildings, these holes provided the animals with homes. They eventually figured out that the species had been first observed in India about 140 years ago! People had assumed it was now extinct. So, they published news reports in journals and the research and investigation started.

Most wild animals have to make their own homes. Many creatures take refuge in such tree cavities, Hollow trees. Inside the holes, the animals raise their young and hide from predators. The cozy homes also protect their inhabitants from wind, rain and snow.

But the number of tree hollows is shrinking. People are clearing forests to sell the wood or to make space for buildings. In cities, people often cut down big old trees because they're afraid they might topple or that they will drop leaves, branches and hurt someone. Once damaged, it takes hunderds of years to create a hollow.

"We are really, really worried," the scientists say, "The future of this amazing animal is fully dependent on the tree holes."

... Friends, can we start thinking about this ?

# અભિનંદન




આપણી શાળાના કમ્પ્યુટર શિક્ષક **શ્રી સાકેતભાઈ દવે,** બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી દ્વારા લેવામાં આવેલ બીસીએની પરીક્ષામાં ૮૫.૨૪% ગુણાંક મેળવીને સમગ્ર યુનિવર્સિટીમાં પ્રથમ આવેલ છે. શિક્ષણમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ ચુડાસમા અને રાજ્યપાલ શ્રી ઓ. પી. કોહલીની ઉપસ્થિતિમાં **શ્રી રમણલાલ વોરાના વરદ હસ્તે સાકેતભાઈને સુવર્ણચંદ્રક એનાયત કરવામાં આવ્યો** તે માટે શારદામંદિર પરિવાર ગૌરવ અનુભવે છે. સાકેતભાઈને ખૂબ ખૂબ અભિનંદન.

---

ધો. ૫ થી ૮ના વિદ્યાર્થીઓએ ''અખિલ હિન્દ મહિલા પરિષદ'' દ્વારા યોજાયેલ લક્ષ્મીબેન ઉપાધ્યાય તથા પાવન સ્મૃતિ તત્કાલ નિબંધ સ્પર્ધામાં કુલ ૪૪ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. તેમાં આજુબાજુના વિસ્તારની તમામ શાળાઓએ પણ ભાગ લીધો હતો. **તેમાં આપણી શાળા કુલ ૧૨ વિજેતામાંથી પાંચ વિજેતા સાથે એલિસબ્રીજ વિસ્તારમાં પ્રથમ રહી હતી. વિજેતાઓના નામ નીચે મુજબ છે. સૌને ખૂબ અભિનંદન.**

**(૧) પટેલ ક્રિપલ મહેશભાઈ - ધો.૫ (દ્વિતીય)**
**(૨) દવે હિર ધવલભાઈ - ધો. ૬ (પ્રથમ)**
**(૩) ચૌધરી પાયલ વિમલકુમાર - ધો. ૬ (તૃતિય)**
**(૪) રાઠોડ ધ્રુવી અશોકભાઈ - ધો. ૮ (પ્રથમ)**
**(૫) જોષી આત્રેય પરીક્ષિત - ધો. ૮ (દ્વિતીય)**

---



૧૫મી ઓગસ્ટ સ્વાતંત્ર્ય દિન નિમિત્તે સંસ્કાર કેન્દ્ર હોલ, પાલડી, અમદાવાદ ખાતે ગુજરાત રાજ્ય કલા શિક્ષક સંઘ અને સરકાર દ્વારા **તત્કાલ ચિત્ર સ્પર્ધા**નું આયોજન કરવામાં આવેલું. જેમાં શારદામંદિરના ૨૦ વિદ્યાર્થી ભાઈ બહેનોએ આ સ્પર્ધામાં ભાગ લીધેલો. જેમાં ચિત્ર વિષય હતો. (૧) ગામડાનું દશ્ય, (૨) શહેરનું દશ્ય.

આપણી સ્કુલના ગુજરાતી / અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લઈ સુંદર ચિત્રો તૈયાર કર્યા હતાં. આ સ્પર્ધાનું પરિણામ તા. ૧૦-૯-૨૦૧૦ના રોજ શાળાને પ્રાપ્ત થશે.

---



દર વર્ષે યોજાતી સરદાર પટેલ સેવા સમાજ આયોજિત **'જ્ઞાનવર્ધક કસોટી'** માં ભારતના બંધારણમાં **''સરદાર પટેલ સાહેબનો ફાળો'' એ વિષય પર યોજાયેલી વક્તૃત્ત્વ સ્પર્ધામાં** શાળાના વિદ્યાર્થીઓએ ભાગ લીધેલો, જેમાં વિનયમંદિર વિભાગના ધો. ૧૧ (કોમર્સ)ના વિદ્યાર્થી **પરમાર મિતેશ બિપીનભાઈ,** અમદાવાદમાં બીજા ક્રમે આવ્યા હતા અને તે બદલ રૂા.૭૫૦/- નું રોકડ ઈનામ મળ્યું હતું. ભાઈ ચિ.મિતેશને શાળા પરિવાર તરફથી ખૂબ ખૂબ અભિનંદન.

---



ભારત વિકાસ પરિષદ દ્વારા યોજાતી **''રાષ્ટ્રીય સમૂહ ગાન''** સ્પર્ધામાં ગુજરાત મધ્યપ્રાંતમાં જુદી જુદી ગુજરાતી/અંગ્રેજી માધ્યમિક શાળાઓએ ભાગ લીધો હતો. આ સ્પર્ધા તા. ૨૦-૮-૨૦૧૭ના રોજ યોજવામાં આવેલ હતી. **જેમાં સંસ્કૃત સમૂહગાન પ્રતિયોગીતામાં શા.મં.વિ.મં વિભાગમાં બહેનોએ આ વર્ષે દ્વિતીય સ્થાન પર વિજેતા થયેલી છે.** પાછળના પાંચ વર્ષથી યોજાતી રાષ્ટ્રીય સમૂહગાન સ્પર્ધામાં આપણી શાળા સતત પ્રથમ/દ્વિતીય સ્થાન પર રહે છે. શિક્ષિકાબેન શ્રી પ્રતિમાબેન, હાર્મોનિયમ વગાડનાર શ્રી નીશાબેન છાટબાર તથા ભાગ લેનાર સર્વે વિદ્યાર્થી ભાઈ બહેનોને ખૂબ ખૂબ અભિનંદન.

## અલગ અલગ સ્પર્ધામાં થનાર શારદામંદિર વિનયમંદિરના વિજેતાઓ

### મહેંદી હરીફાઈ વિજેતા - તા. ૪-૮-૨૦૧૭

| | | | |
|---|---|---|---|
| **પ્રથમ** | શાહ પ્રિયાંશી | ૧૨-અ | મેઘદૂત |
| | શાહ દેવર્ષિ | ૧૨-અ | મેઘદૂત |
| **દ્વિતીય** | શાહ મૈત્રી | ૧૧-અ | ગીતગોવિંદ |
| | રાવલ આશ્કા | ૧૨-અ | ચંદ્રમૌલી |
| | સોની હેલી | ૧૨-સાયન્સ | |
| **તૃતીય** | શાહ અમિષા | ૧૧-અ | ગીતગોવિંદ |
| | ચાંપાનેરી ઝરણા | ૧૧-અ | ચંદ્રમૌલી |
| | ઝાલા વિધિ | ૧૧-અ | ચંદ્રમૌલી |

### પારણા હરીફાઈ - તા. ૯-૮-૨૦૧૭

| | | | |
|---|---|---|---|
| **પ્રથમ** | બાવળિયા નિધિ | ૧૧-અ | મેઘદૂત |
| **દ્વિતીય** | વ્યાસ માહિ | ૯-અ | ચંદ્રમૌલી |
| **તૃતીય** | શાહ ભાવિ | ૯-બ | પદ્મપુકુર |
| | નાયક કેરૂલ | ૯-અ | ગીતગોવિંદ |

### પંચાજીરી હરીફાઈ - તા. ૯-૮-૨૦૧૭

### પંચાજીરી સુશોભન

| | | | |
|---|---|---|---|
| **પ્રથમ** | પટેલ હેત્વી | ૧૧-અ | મેઘદૂત |
| **દ્વિતીય** | શુક્લ પ્રકૃતિ | ૧૧-અ | ગીતગોવિંદ |
| | સોની પ્રાચી | ૯-બ | ગીતગોવિંદ |
| **તૃતિય** | ઠક્કર હેતાંશી | ૧૦-અ | ચંદ્રમૌલી |
| | વાઘેલા હિનલ | ૧૧-અ | ગીતગોવિંદ |

### પંચાજીરી સ્વાદ

| | | | |
|---|---|---|---|
| **પ્રથમ** | પટેલ હેત્વી | ૧૧-અ | મેઘદૂત |
| **દ્વિતીય** | વાઘેલા શિવરાજ | ૧૦-અ | મેઘદૂત |
| | ઠક્કર હેતાંશી | ૧૦-અ | ચંદ્રમૌલી |
| **તૃતિય** | શુક્લ પ્રકૃતિ | ૧૧-અ | ગીતગોવિંદ |
| | સુદ્ર ધારા | ૯-બ | પદ્મપુકુર |
| | સોની પ્રાચી | ૯-બ | ગીતગોવિંદ |

### નંદાવ્રત સાથિયા : તા. ૧૨-૮-૧૭

| | | | |
|---|---|---|---|
| **પ્રથમ** | શાહ ફેની | ૧૧-અ | પદ્મપુકુર |
| **દ્વિતીય** | વોરા ધ્રુવી | ૯-બ | ચંદ્રમૌલી |
| | શાહ પ્રિશા | ૧૧-અ | ચંદ્રમૌલી |
| **તૃતિય** | શાહ જૈનમ | ૧૦-બ | ગીતગોવિંદ |
| | શાહ વંશ | ૧૦-બ | પદ્મપુકુર |

### ઈકો-ફ્રેન્ડલી ગણેશમૂર્તિ હરીફાઈ - તા. ૧૨-૮-૧૭

| | | | |
|---|---|---|---|
| **પ્રથમ** | મોદી આયુષી | ૯-બ | પદ્મપુકુર |
| **દ્વિતીય** | શાહ ફોરમ | ૧૧-અ | ચંદ્રમૌલી |
| | શુક્લ પ્રકૃતિ | ૧૧-અ | ગીતગોવિંદ |
| **તૃતિય** | ઠક્કર વિશ્વ | ૯-બ | મેઘદૂત |
| | શાહ દેવર્ષિ | ૧૧-અ | મેઘદૂત |

# મહામંડળના પ્રતિનિધિઓ

## શારદામંદિર શિશુમંદિર

**મેઘનાદ**

| | | |
|---|---|---|
| ૧. | પ્રજાપતિ યુગ જયંતિભાઈ | ૮-અ |
| ૨. | શાહ કવિશ ચિરાગ | ૭-અ |
| ૩. | પરમાર વિહારીકા મહેન્દ્રભાઈ | ૮-બ |
| ૪. | ભાવસાર મિસરી રાજેશભાઈ | ૭-અ |

**ગંગોત્રી**

| | | |
|---|---|---|
| ૧. | ડોડિયા અભિજીત પ્રકાશકુમાર | ૮-અ |
| ૨. | પરીખ ખુશીલ જૈમિશભાઈ | ૭-અ |
| ૩. | શેલાર આસ્થા યોગેશભાઈ | ૮-અ |
| ૪. | શાહ વિરતી સૌરભભાઈ | ૭-અ |

**ધવલગીરી**

| | | |
|---|---|---|
| ૧. | કાયસ્થ વ્રજ ધવલભાઈ | ૮-અ |
| ૨. | કાજીવાલા યુવરાજ બિજલકુમાર | ૭-અ |
| ૩. | ગોહિલ વૃષાલી સૌરીનભાઈ | ૮-બ |

**રત્નદીપ**

| | | |
|---|---|---|
| ૧. | સુતરીયા આર્યન મેહુલભાઈ | ૮-અ |
| ૨. | ગજ્જર ધાર્મિક પ્રજ્ઞેશભાઈ | ૭-બ |
| ૩. | શાહ પ્રેક્ષા સચિનભાઈ | ૮-બ |
| ૪. | ઓઝા નૈશા ભૂષણભાઈ | ૭-અ |

## શારદામંદિર વિનયમંદિર

| | | | | |
|---|---|---|---|---|
| **નેતા** | **ભાઈઓ** | (૧) | પરમાર મિતેષ બિપીનભાઈ | ૧૧-અ |
| **ઉપનેતા** | | (૨) | દવે જીત નિલેશભાઈ | ૯-બ |
| | **બહેનો** | (૧) | બ્રહ્મભટ્ટ હિમાદ્રી શૈલેષભાઈ | ૧૧-અ |
| | | (૨) | શાહ ભાવિ શ્રેણીકભાઈ | ૯-બ |

## ગૃહની રચના - ગૃહનેતાઓ

**ચંદ્રમૌલી**

| | | | |
|---|---|---|---|
| ભાઈઓ | (૧) | શાહ સંયમ ચેતનકુમાર | ૧૧-અ |
| | (૨) | દેસાઈ આર્યન સાગરભાઈ | ૯-બ |
| બહેનો | (૧) | શાહ ચાર્મી કિન્નરભાઈ | ૧૧-અ |
| | (૨) | શાહ ત્રિશા દીપકભાઈ | ૧૧-અ |
| | (૩) | શાહ પુજા અમીતભાઈ | ૯-અ |

**મેઘદૂત**

| | | | |
|---|---|---|---|
| ભાઈઓ | (૧) | શાહ આગમ શ્રેણીકભાઈ | ૧૧-અ |
| | (૨) | ઠક્કર વિશ્વ શ્યામલભાઈ | ૯-બ |
| બહેનો | (૧) | બાવળિયા નિધિ જયસુખભાઈ | ૧૧-અ |
| | (૨) | પટેલ હેત્વી હિતેશભાઈ | ૧૧-અ |
| | (૩) | શાહ પુજા અમીતભાઈ | ૯-અ |

**પદ્મપુકુર**

| | | | |
|---|---|---|---|
| ભાઈઓ | (૧) | કનોજિયા કરણ મનોજકુમાર | ૧૧-અ |
| | (૨) | પુરોહિત રાજ અલ્કેશભાઈ | ૯-બ |
| બહેનો | (૧) | શાહ જીત્વી કલ્પેશભાઈ | ૧૧-અ |
| | (૨) | કોઠારી ધ્યાની મનનભાઈ | ૧૧-અ |
| | (૩) | મોદી આયુષી સ્નેહલભાઈ | ૯-અ |

**ગીતગોવિંદ**

| | | | |
|---|---|---|---|
| ભાઈઓ | (૧) | શાહ ઉદિત રાજુલભાઈ | ૧૧-અ |
| | (૨) | પુરોહિત યશ હિતેશભાઈ | ૯-બ |
| બહેનો | (૧) | શુક્લ પ્રકૃતિ કમલેશભાઈ | ૧૧-અ |
| | (૨) | દવે વિશ્વા ધવલભાઈ | ૧૧-અ |
| | (૩) | મહેતા પ્રાચી કાર્તિકભાઈ | ૯-અ |

## SHARDAMANDIR MODERN SCHOOL
## GROUP CAPTAINS

**AMALTAS**

| | |
|---|---|
| 1st | Aacharya Tatsat Zankrutbhai<br>Shah Dhruvi Manishbhai |
| 2nd | Shah Het Dipalbhai<br>Balat Maitri Umeshbhai |

**KADAMB**

| | |
|---|---|
| 1st | Somani Om Dineshbhai<br>Shah Nishra Deepakbhai |
| 2nd | Shah Kush Pareshbhai<br>Sukhadia Zeel Chetanbhai |

**PALASH**

| | |
|---|---|
| 1st | Patel Om Kaushalbhai<br>Shah Hetanshi Sanjaybhai |
| 2nd | Shah Pratham Hirabhai<br>Parmar Honey Uditbhai |

**PARIJAT**

| | |
|---|---|
| 1st | Rana Hrishikesh Harishbhai<br>Upadhyay Yajasi Yagneshbhai |
| 2nd | Bhatt Jay Hemangbhai<br>Khatri Hetvi Pareshbhai |

# ▪ વિદ્યાર્થી વિભાગ ▪



**રાજસી પરીખ**

એક વિદ્યાર્થીના જીવનમાં તેના માતા-પિતા અને પરિવાર ઉપરાંત જો કોઈ બીજી અગત્યની વસ્તુ હોય તો તે શાળા છે. હું ખૂબ નસીબદાર છું કે મને શારદામંદિર જેવી શાળા મળી. જેમાં સારા, પ્રેમાળ શિક્ષકો છે. ધો. ૧૦ની પરીક્ષામાં આજે મેં ૯૫.૫% મેળવ્યા છે. જેમાં મારા પરિવારનું તો યોગદાન છે તેની સાથે સાથે મારી શાળાનું યોગદાન પણ ખૂબ મોટું છે. ધો. ૮,૯ એ ધોરણ ૧૦નો પાયો છે. જેમાં મને ખૂબ સારા શિક્ષક મળ્યા હોવાથી દરેક વિષયનો પાયો મજબૂત થયો હતો. મને શારદામંદિર શાળામાં પ્રવેશ કરે આજે ૧૦ વર્ષ થયા. આ દસ વર્ષોમાં ભણવાની સાથે અમે શિક્ષકો સાથે ગમ્મત, મજાક મસ્તી પણ કરી છે. આ ઉપરાંત શારદામંદિરમાં થતી ઘણી ઈતર પ્રવૃત્તિમાં પણ ભાગ લીધેલો છે. હું ગૃહકાર્ય અને શિક્ષક ભણાવે, તે રોજનું રોજ કરી લેતી અને તેને બીજા દિવસ પર મુલત્વી રાખતી નહિ. આ ઉપરાંત હું ગાઈડ કે અન્ય પ્રકાશન કરતા ચોપડી (ટેક્ષ્ટ બુક) વાંચનને વધુ મહત્ત્વ આપતી. શાળામાંથી ૩૦ પેપરો લખાવ્યા. એક પેપર લખવા માટે દરરોજ શાળાએ જવું પડતું, તે નહોતું ગમતું પરંતુ પાછળથી તેનો મને ફાયદો જણાયો. જેના લીધે મારી પેપર લખવાની ચોકસાઈ અને ઝડપમાં વધારો થયેલો. શાળામાંથી મળેલ સહયોગ, પ્રેરણા બદલ હું શાળાની આભારી છું અને ધો. ૧૧, ૧૨ માં પણ આવો સહયોગ અને પ્રેરણા મળશે એવો મને વિશ્વાસ છે.

---

## " વિદ્યા વિનયથી શોભે છે "



**પ્રિયંકા સાગરભાઈ દેસાઈ**

મારું નામ પ્રિયંકા સાગરભાઈ દેસાઈ છે. મને શારદામંદિર વિનયમંદિરમાં ૨૦૦૮ની સાલમાં ધોરણ-૪ માં પ્રવેશ શ્રીમતી ઉર્મિલાબેન શાહના હસ્તે મળેલો અને ત્યારથી આ શાળા મારા જીવનનો એક અભિન્ન અંગ બની ગઈ છે.

'આ સાથે મને જીવનના ઘણા બોધ પાઠ આ સ્કુલમાંથી મળ્યા છે. જેવા કે સાચું બોલવું, કોઈને દુઃખ ના પહોંચાડવું, પોતાની વાત સાચી રીતે અભિવ્યકત કરવી.'

હવે મને થયેલ અનુભવ તથા યાદો... જેનું હું શબ્દો દ્વારા વર્ણન કરું છું.

'જેનું લખવાનું પતી જાય, એ જાંબુ વીણવા જઈ શકે, કે પછી ક્લાસનું ધ્યાન રાખશે' ટીચરના આ શબ્દ સાંભળીને જાણે લખવાની ઝડપ વધી ગઈ. બીજું દર શનિવારે કરવું પડતું વ્યાયામ અમને શિક્ષા લાગતી, પરંતુ આજે એનું મહત્વ સમજાય છે. દર બુધવારે થતી બાલસભા, એને કેમ ભૂલાય.. બાલસભામાં પણ પાછું આપણા ક્લાસની બાલસભા તો સૌથી સારી હોવી જોઈએ એ વિચારીને કંઈક નવું કરવાની ઈચ્છા તેમજ મહત્ત્વ હોય છે.

સ્કુલમાં થતાં નવરાત્રીના ગરબા તેમજ જન્માષ્ટમી ઉત્સવ, ૨૬ જાન્યુઆરી તેમજ ૧૫મી ઓગસ્ટે થતું ધ્વજવંદન આ બધા કાર્યક્રમમાં ભાગ લેવાની મજા કંઈક અલગ જ હતી. આ ઉપરાંત મહેંદી સ્પર્ધા, ચિત્ર સ્પર્ધા, વકૃત્વ સ્પર્ધા અને ખાસ સ્પોર્ટસ ડે માં ભાગ લેતી. તેમજ સ્કુલમાંથી પ્રવાસ જવાની વાત કંઈક અલગ જ હતી.

આ સ્કુલમાં ભણવાથી મને જે સારૂ પરિણામ પ્રાપ્ત થયું છે, તેની એક ઝલક હું મારા શબ્દથી વર્ણવું છું.

ધોરણ-૧૦માં પ્રાપ્ત થયેલ પરિણામ- ૯૨.૬૭% અને ૯૯.૯૩ પર્સન્ટાઈલ રેન્ક. ગણિત તથા વિજ્ઞાનમાં મળેલા માર્કની વિગત ધોરણ-૧૦ના ગણિતમાં ૯૭ માર્કસ તેમજ વિજ્ઞાનમાં ૯૬ માર્કસ મેળવેલા, જેથી આ સ્કુલે મારું સન્માન કરેલું. ધો.૧૨ સાયન્સમાં મેળવેલ પરિણામ ૯૨.૩૩% તથા પર્સન્ટાઈલ રેન્ક ૯૯.૫૮ સાથે શાળામાં પ્રથમ આવી.

આ શાળાએ મારું ભવિષ્ય ઉજ્જવળ બનાવ્યું અને આ શાળાના પ્રિન્સીપાલ સાહેબશ્રી વિજયભાઈ રાવલ તથા સમસ્ત શિક્ષકગણની હું હ્રદયપુર્વક ખૂબજ આભારી છું અને હું હંમેશા આ શાળાની ૠણી રહીશ.

વંદે માતરમ્

---



**શર્વ કોઠારી**

માનનીય શિક્ષકગણ તેમજ 'શારદ'ના વાચકમિત્રો,

૯૨ વર્ષથી સતત શારદામંદિર શાળાએ બાળકોના ઉજ્જવળ ભવિષ્યનો તખ્તો તૈયાર કર્યો છે તેમજ બાળકોનો સર્વાંગી વિકાસ કરવામાં નિપુણતા હાંસલ કરી છે. આ સફળતાની પાછળ શાળાના શિક્ષકોનો અનન્ય ફાળો છે. ઉપરાંત ધો.૧૨ની સફળતા પાછળ છેલ્લા બે માસ દરમ્યાન લખવામાં આવતા રોજિંદા પ્રશ્નપત્રોનો બહુમૂલ્ય ફાળો છે. વર્ષ દરમ્યાન શિક્ષકોનું સચોટ માર્ગદર્શન તેમજ પધ્ધતિસરની વિષય સમજ ઉપયોગી સાબિત થાય છે તેનો હું અનુભવી છું. આભાર.

# વિદ્યાર્થી વિભાગ

## સમય જતાં વાર નથી લાગતી



**રસાણિયા આયુષી**

વર્ષ ૨૦૦૬માં મેં શારદામંદિર બાલમંદિરમાં મારી શૈક્ષણિક સફરની શરૂઆત કરી. પ્રથમ દિવસે શાળામાં અમે રડતાં રડતાં આવ્યા, પણ બાલમંદિરના મુક્ત, રમણીય વાતાવરણમાં નવા મિત્રો સાથે હળીમળી ગયા. સૌ પ્રથમ પ્રાર્થના, ત્યારબાદ બાળગીતો, હોળી ગીતો, સ્થાપનાદિનની ઉજવણી - બાલરથી, જન્માષ્ટમીના વિવિધ નાટકો ઉજવણી, જલારામ મંદિર તેમજ સુંદરવનની મુલાકાત, રમતના ઓરડાની વિવિધ રમતો, હીંચકા લપસણી, નવરાત્રી અને ગૌરીવ્રતની ઉજવણી, ઉત્તરાયણમાં આપેલા નાના પતંગ, દિવાળીનું મહત્વ, શિવરાત્રીની વાર્તા, વાંદરા-મગરની વાર્તાનું પપેટ, ગુડીપડવા નિમિત્તે પીવડાવેલ કડવા લીમડાનું પાણી, આ બધી મીઠી યાદો હું ક્યારેય નહીં ભૂલી શકું. રમતાં રમતાં ભણતા શીખવતા મારા વહાલા શિક્ષકો મને આજે પણ યાદ છે.

આ બધી યાદો સાથે અમે બાલમંદિરમાંથી શિશુમંદિરમાં પહેલા ત્રણ દિવસ માટે આવ્યા અને અમને આખી શાળા બતાવવામાં આવી. વેકેશન પછી હું પહેલા ધોરણમાં ધીમે ધીમે બોર્ડ પરથી જોઈને પેન્સીલથી લખતી હતી. આજે એ ક્લાસ જોઉં છું તો દશ્ય આંખ સામે આવે છે. વર્ષો વીતતા ગયા અને હું ધો.૮માં આવી ગઈ.

વિવિધ સ્પર્ધાઓ - સ્પોર્ટસ ડે, સાયન્સ ફેર, બાલસભા, જન્માષ્ટમી અને નવરાત્રીની ઉજવણી વગેરે કાર્યક્રમોમાં અમે ઉત્સાહથી તૈયારી કરતા. સ્થાપનાદિન, ૧૫મી ઓગસ્ટ, સ્વચ્છતા અભિયાન વગેરે કાર્યક્રમોમાં ખૂબ મસ્તી અને મજા સાથે કામકરતાં. શાળામાંથી કરેલા પ્રવાસો જેવા કે તિરૂપતિ નેચરપાર્ક, ઈડર, ચોટીલા, પોઈચા, આજવા ફન વર્લ્ડ, સાયન્સ સીટી અને ઈસરો વગેરેની મુલાકાતો જીવનભર યાદગાર બની રહેશે. મિત્રો સાથે ફરવાની મજા જ કોઈ ઓર હતી. શિક્ષકો પણ અમારી સાથે અમારા જેટલા જ બની જતા હતાં. આ મારો સોનેરી સમય હતો. હવે એ ઘડી આવી ગઈ છે કે હું પ્રાથમિક છોડીને માધ્યમિકમાં જઈ રહી છું.

હવેનો સમય મારી કારકિર્દીના ઘડતરનો પાયો છે. હવેનું ભણતર કપરું છે પરંતુ જરૂરી છે. સમાજમાં સફળ વ્યક્તિત્વ માટેના સમયનું આ પ્રથમ પગલું બની રહેશે. શિશુમંદિરમાંથી વિનયમંદિરમાં જતી વખતે હું મારી આ યાદો અને મારા વહાલા શિક્ષકોને નહીં ભૂલી શકું. આજે વર્ગની પાટલી પર બેસીને ભૂતકાળને યાદ કરું છું. ખરેખર, સમય જતાં વાર નથી લાગતી.

# વાલી અભિપ્રાય

તા. ૨૩-૬-૨૦૧૭, શુક્રવાર

શુક્રવારના શુભદિવસે સવારે ૮-૦૦ વાગે શારદામંદિર વિનયમંદિરના પ્રાર્થનાખંડમાં વાલીઓની અને વિદ્યાર્થીઓની એક મિટીંગ બોલાવવામાં આવી હતી. તેમાં આચાર્યશ્રી વિજયભાઈ, શ્રી હરિભાઈ તથા શિક્ષકગણના પ્રયત્નોથી ધો.૧૧ અને ધો.૧૨ કોમર્સના વિદ્યાર્થીઓને ‘‘ધોરણ-૧૨ પછી શું ?’’તે વિષય અંગે શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થીશ્રી ચેતનભાઈ CA, તથા CA ના પ્રોફેસર ગણે ધો. ૧૨ કોમર્સ પછી કઈ કઈ લાઈનો ભણતર માટે ઉપલબ્ધ છે તેના વિષે ખૂબ જ સુંદર માર્ગદર્શન પૂરૂ પાડ્યું હતું. અને તેમાં પણ CA તથા CS નું મહત્ત્વ વિદ્યાર્થી તથા વાલીગણને સમજણ આપી હતી અને આ માર્ગદર્શન વિદ્યાર્થી તથા વાલીઓને મુંઝવતા પ્રશ્નોના પણ જવાબ સરળ ભાષામાં આપ્યા હતાં અને તેઓશ્રી પ્રત્યે પણ હું ઋણભાર વ્યક્ત કરું છું.

શ્રી વિજયભાઈ વિદ્યાર્થીઓના ભણતર તેમજ તેમના ઘડતરમાં ઊંડો રસ લઈ શાળાને એક આગવી દિશા તરફ દોરી શાળાના બાળકોનું હિત તેમજ તેમનું ભવિષ્ય ઉજ્જવળ બને તે દિશામાં રસ લઈ સક્રિય પ્રયત્નો દ્વારા અવાર નવાર આવા કાર્યક્રમોનું આયોજન કરે છે. તથા શાળાના શિક્ષકગણ પણ ખૂબ જ રસ સાથે દરેક વિષયની છણાંવટ કરી અભ્યાસ કરાવે છે.

એક વાલી તરીકે હું માનું છું કે શાળા અને શિક્ષકો વિદ્યાર્થીનું સાચું ઘડતર કરી શકે છે. મને આશા છે કે આવા રસપ્રદ માર્ગદર્શનથી આપણી શાળાના વિદ્યાર્થીઓ પણ ખૂબ જ ઊચા સ્થાને બેસી શાળાનું તેમજ આચાર્યશ્રી અને શિક્ષકગણનું નામ રોશન કરે અને આજ શાળામાં તેમના પણ વ્યાખ્યાન ગોઠવાય તેવી અપેક્ષા અને આશા સાથે વિરમું છું.

**- હિમાંશુ જાની (વાલી)**

# STUDENT'S CORNER

**"Goodbye, School"**



Hello Friends, I am Nisarg Shah, from Std.11-E-Science. I have secured first rank in my class in the Board examination of Std. 10 alongwith my classmate, Purnendu Bhatt.

First of all, I want to thank all the teachers for giving us their continuous guidance and support. It would have been impossible to get such a good result without their help. I know that, to the most of you the label "Board Examination" seems a little intimidating, but there is absolutely no reason to fear it. It will only take dedication, hard work and good time management skiils to get good results. You won't be able to cram everything on the last day, So it is essential that you maintain a daily time table and keep track of your syllabus. It is also important that you take a little time everyday to relax and do some activity that you enjoy.A healthy diet, some exercise and a good night's sleep are also important to keep yourself focussed on your studies. I wish you all the best for the year !

***- Nisarg Nilaybhai Shah (*Std. 11-E)**

---



First of all Pranam to Principal and all my teachers due to whom I am here with all the success of my career. Well, without their support I could have been nothing. My raw dreams were shaped up only because of my teachers' guidance and support of the school whether it is the explanations, taking tests or the depth of the concept of the practicals. Everything is matchless !

**Message for Students :**

I can only say that opting science subjects isn't a big task, nothing as tough, it just depends upon our passionate level. Do your best and forget the rest ! Just work hard because the addition of hardwork in determination makes passion. All the very best to all my friends.

And thank you, Principal Madame, for inviting me and considering me memorable.

***- Shah Dhrumi Bimalbhai***

---



**Report on my Experience at Shardamandir**

Namaste to all,

I am Kashish Saiyadh. I just have completed my 12th Standard successfully with bright numbers and I really enjoyed a lot. As now I am an ex-student of Shardmandir. Honestly, when our respected Pricipal Payal Ma'am told me that I have to write a report on my experience in this School, I felt very ecstatic and from the core of my heart, I felt blessed that finally I'will be able to express my feelings about my School.

This is the time to say Goodbye to my school life. But I will reminisce the journey which I passed through in this school with my respected Principal, Teachers, my lovely classmates and all.

I never felt hesitation in asking for any queries to my teachers. They were always ready to solve my doubts. I still remember during the studious lectures, they used to teach the bookish topics interestingly that I never felt drowsy for that. In the free lectures, we used to discuss the current affairs of commerce, etc. and that knowledge provided by my teachers stayed very helpful for everyone of us.

After joining this School, in each and every examination taken here, I'have topped and I can proudly say that it is because of the best education given to me here. The other activities like sports day, cultural programmes etc. worked like bonus for us.

Though it's time to say Goodbye to my school, I'll never forget that golden period and my golden memories. I'll rejoice it forever in my life.

Finally, I end up my writing expecting all the blessings and love for my school Principal, Teachers and all the Staff. I know their best wishes and blessings are always with me.

***- Kashish Saiyadh***

---



My name is Purnendra Bhatt. I got 90.33% in S.S.C. Exam. I have obtained first rank in Std. 10th in English Medium Stream of Shardamandir Modern Highschool.

My School Shardamandir, itself visualizes its own splendidness. I - Purnendu Bhatt am very grateful to those who have inspired me to obtain first rank in English medium. The teachers having friendly nature provided me education and knowledge which is very useful to us to reach the highest peak of achievement.

According to my opinion, reading and writing both are the two strongest wings for setting high score. First read the lesson at home, then be attentive in classroom teaching. Try to write what you have read, writing will make you perfect and will increase your expression power and will also improve your presentation.

For Exams, textbook reading is essentially required. First I used to complete my text books for practice of MCQs, I refered MCQ book. I always took interest in solving new sums. Exams were conducted in Schools which was also a challenge for me. I always took my school exam as board exam and tried to give my 100% in it. Few months before exam, I used to write old board papers. I tried to complete then before time. Paper writing at School also gave me a good practice.

Teachers taught us with head and heart. Teachers advised me how to work, they always encouraged me on method of studying and this was the only reason, I think, for achieving my target.

***Purnendu D. Bhatt* (Std.10)**

## પ્રેરણાત્મક

## ચાલો વાંચીએ

### બાપા-કાગડો

પુસ્તકનું નામઃ ગિજુભાઈની બાળવાર્તાઓ

લેખક - ગિજુભાઈ બધેકા

એક વાણિયો તેના નાના દીકરાને રાજી કરવા માટે તે જે પૂછે તેનો જવાબ આપ્યા કરે. કોઈ દિવસ તેને નાખુશ ન કરે. એક દિવસ તે નાનો છોકરો બાપની સાથે દુકાને આવ્યો. દુકાનની સામેના ઝાડ પર બેઠેલા એક કાગડાને જોઈને તેણે કહ્યું : 'બાપા-કાગડો ! કાગડો.' જવાબ આપીને બાપ દુકાનના કામમાં જરા રોકાયો, એટલે વળી છોકરાએ બાપનો ગોઠણ હલાવી કહ્યું : 'જુઓ તો બાપા - કાગડો' બાપે ધંધામાંથી ધ્યાન કાઢી ઘણી શાંતિથી કહ્યું : 'હા બેટા ! કાગડો.' છોકરાને આટલાથી સંતોષ થયો નહિ. બાપ વળી પાછો પોતાના કામમાં રોકાયો, ત્યાં તે બોલ્યો :'બાપા-કાગડો!' બાપે જરા પણ ગુસ્સે થયા વિના કહ્યું : 'હા, ભાઈ ! કાગડો'. આ રીતે છોકરો તો વારેવારે બાપને 'બાપા-કાગડો ! ' 'બાપા-કાગડો' એમ ચીંધતો ગયો, ને બાપ 'હા, ભાઈ, કાગડો! ' એમ બોલતો જ રહ્યો. જેમ જેમ છોકરો 'બાપા-કાગડો! ' બોલતો ગયો તેમ તેમ તે શાણો બાપ, શાંત રહીને પોતાના ચોપડામાં 'બાપા-કાગડો!' 'હા, ભાઈ! કાગડો' એ પ્રમાણે લખતો રહ્યો. છોકરો થાકી ગયો ત્યારે બાપે ગણી જોયું તો બરાબર એકસો વાર 'બાપા-કાગડો' 'હા, ભાઈ! કાગડો' લખાયેલું હતું !

આ વાતને ઘણાં વર્ષો વીતી ગયાં. વાણિયો છેક ઘરડો થઈ ગયો હતો; ને પેલો છોકરો હવે મોટો શેઠ બની રહ્યો હતો અને તેનો વેપાર ધમધોકાર ચાલતો હતો. ઘરડો વાણિયો લાકડીને ટેકે ટેકે એક દિવસ દુકાને ગયો. બાપને જોઈને દીકરો ચિડાયો ને મનમાં બબડ્યો : 'આ ડોસો વળી અહીં ક્યાં આવ્યો ? નકામો ટકટકાટ કરશે અને મારો જીવ ખાશે ! ' થોડી વારમાં ડોસાએ એક કાગડો જોઈ ટાઢે પેટે કહ્યું : 'ભાઈ-કાગડો!' યુવાન છોકરાએ ચિડાઈને અને કંઈક તિરસ્કારથી જવાબ વાળ્યો : 'હા, બાપા ! કાગડો.' પૂરેપૂરી શાંતિ રાખી ડોસો બોલ્યો : 'ભાઈ-કાગડો ! ' યુવાન છોકરાએ કહ્યું : 'બાપા ! ઘેર જાઓ. અહીં તમારું શું કામછે ? દુકાને કામકાજમાં નાહક શા માટે ડબડબ કરો છો ? ' પછી મનમાં બળતો મોટેથી બબડ્યો : 'ખરેખર, સાઠે બુધ્ધિ નાઠી તે બરાબર સાચું છે. આ ડોસાની બુધ્ધિ હવે છેક ગઈ છે.'

ડોસાની આંખે આંસુ આવ્યાં. તેણે જૂના વાણોતરને બોલાવીને પેલો જૂનો ચોપડો કઢાવી યુવાન શેઠના હાથમાં 'બાપા-કાગડો' 'હા, ભાઈ! કાગડો' લખેલું પાનું મૂક્યું. બાળપણની સઘળી હકીકત સાંભળીને દીકરાને પસ્તાવો થયો; બાપાની માફી માગી....

(-આ વાર્તા પ્રકાશન માટે સંક્ષિપ્ત કરવામાં આવી છે.)

લેખકનો પરિચય - **ગિજુભાઈ બધેકા :** ગુજરાતમાં બાળસાહિત્ય વિશેની સમજનો અને બાળશિક્ષણની વ્યવસ્થિત પધ્ધતિનો પાયો નાખનાર આ લેખકે બાળકોના રસને પોષે, એમના કુતૂહલને ઉત્તેજે, એમને કલ્પનાને જાગૃત કરે, એમના વ્યક્તિત્વ - ઘડતરનો અંશ બને એવું માહિતીપ્રદ છતાં આનંદપ્રદ સાહિત્ય કવિતા - વાર્તા - નાટક જેવા વિવિધ પ્રકારોમાં વિપુલપણે પ્રગટાવ્યું છે. જ્ઞાનકોશોને ઝાઝા ખપમાં લીધા વિના આસપાસના જીવનમાંથી મળી આવતી સામગ્રીને સરલ અને આકર્ષક સ્વરૂપમાં રજૂ કરી બાળસાહિત્યની એક નવી દિશા ઉઘાડી આપી છે. મોન્ટેસોરી સિધ્ધાંતપધ્ધતિએ ઉભી કરેલી બાલમંદિરની પ્રવૃત્તિ પણ એમનાં સર્વ બાળસાહિત્યનાં લખાણોમાં પ્રેરક રહી છે.

---

## અનોખું "વિદ્યાદાન"...



આપણી શાળાની **ભૂતપૂર્વ વિદ્યાર્થિની ચિ. ઋતુ શાહ** જેને સમાજના નબળા વર્ગના બાળકોને શિક્ષણ આપી સમાજને બેઠો કરવાના હેતુથી વાસણા વિસ્તારમાં કામચલાઉ શામિયાણો બાંધીને 'વિદ્યાદાન' સંસ્થાની સ્થાપના કરી અને ૧૦૦ થી વધુ કોલેજિયનો તૈયાર કર્યા, જેઓ ઝુંપડપટ્ટીના ૧૦૦થી વધુ બાળકોને ભણાવી રહ્યા છે. આ પ્રવૃત્તિમાં હાલ લગભગ ૧૦૦-૧૨૫ જેટલા યુવાન સ્વયં સેવકો પણ સેવા આપી રહ્યા છે.

ઉપરોક્ત શૈક્ષણિક પ્રવૃત્તિ ઉપરાંત સમાજમાં ચોરી, લૂંટફાટ રોકવા તથા નશાબંધી માટે પણ તેમણે ઘણાં કાર્યક્રમો યોજ્યા છે. ગુજરાતના સૌથી નાની વયના અને એક પ્રગતિશીલ સમાજસેવિકા બદલનો એવોર્ડ પણ બહેન ઋતુને એનાયત થયેલા છે અને આ પ્રવૃત્તિ વિશે દેશ-વિદેશમાં પણ રેડીયો, મેગેઝીનો અને છાપાઓમાં પ્રસ્તુત થયેલા છે.

બહેન ઋતુના જણાવ્યા અનુસાર તેમના વિકાસમાં શાળામાંથી શીખેલ માનવતા, સંસ્કાર તથા સતત પ્રયત્નશીલ રહેવાના પાઠ યાદ કરે છે અને શાળાના શિક્ષકગણ અને આચાર્યના તેઓ હંમેશાં ઋણી છે.

## ચાલો બનાવીએ

ચાલો બનાવીએ....

કોને?

અરે ભાઈ, આપણને રોજેરોજ પેલા નેતાઓના ભાષણ, લોભામણી જાહેરખબરો, વળી કોઈ "બાબા", અને સોશિયલ મિડિયા બનાવી જ જતા હોય છે. એમની વાતો માનીએ તો ગરીબી નાબુદ થઈ જાય, મંગળનો ગ્રહ ચન્દ્ર જેટલો મોટો દેખાય, કોઈક મેસેજ ૧૦ વ્યક્તિને ફોરવર્ડ કરવાથી ભગવાન પ્રસન્ન થઈ જાય, પરીક્ષામાં ઉત્તમ ગુણ મળે, અમુક જડીબુટ્ટી લેવાથી શરીર બિલકુલ નિરોગી બને.

આપણે પણ કંઈ ઓછા નથી. નાને-મોટે પાયે કોઈકને, અરે ખૂદ ભગવાનને પણ બનાવતા હોઈએ છીએ, જેનું વર્ણન સ્વ. મુકેશજીનાં ગીત "ચાલ્યા જ કરું છું"ની પંક્તિઓમાં સચોટ રીતે દર્શાવ્યું છે.

નાટક કરું છું જે હું નથી, એ હું થઈને
મરું છું થોડી વાર મીઠું જહેર લઈને...
જેણે બનાવ્યો, એને હું બનાવ્યા જ કરું છું
ચાલ્યા જ કરું છું.....

ખેર, આજે વાત "કોને" નહિ પણ "કંઈક" બનાવવાની કરવી છે. એક નવી શરુઆત કરીએ. એમને એમ ગામ-ગપાટા ને બદલે ચાલો કોઈક ઉપયોગી વસ્તુ બનાવીએ.

આજ-કાલ ખાવાની ચીજો જેવીકે દાળ, અનાજ, નાસ્તા વિ. પ્લાસ્ટિકની કોથળીમાં પેક થઈને આવતી હોય છે. ઘણીવાર કોથળી ખોલીએ ત્યારે વસ્તુ પુરેપુરી વપરાતી નથી હોતી. કોથળીને કેવી રીતે ફરી પેક કરવી એ એક મોટી સમસ્યા છે.

ઘરમાં મિનરલ વોટર અથવા સોફ્ટ ડ્રીન્કસની ખાલી બોટલ તો પડી જ હશે. ચાલો, તેનો ઉપયોગ કરીને પેલી કોથળીનું એર-ટાઈટ પેકિંગ કરીએ.

**જરૂરી સાધનો:**

૧. ખાલી બોટલ (ઢાંકણા સાથે)

૨. કાતર, ચપ્પુ અથવા કટર (જેના વડે પ્લાસ્ટિક કાપી શકાય તેવું)

૩. જેને બંધ કરવી છે, તે કોથળી.


**સુચના:**

કાતર, ચપ્પુ, કટર વાપરતા કોઈક વડીલની સહાય લેવી. વાગી ના જાય તેની સાવચેતી રાખવી.

**રીત:**

૧. પ્લાસ્ટિકની બોટલને કાતર, ચપ્પુ અથવા કટર વડે ચિત્રમાં બતાવ્યા મુજબ ગોળ ફરતી કાપો. બોટલના ઉપરના ભાગનો શંકુ આકાર પૂરો થાય; તે જગ્યાએથી કાપવી. કોથળી નાની હોય તો બોટલને શંકુને બદલે છેક નાકાથી પણ કાપી શકાય.

હવે નીચેના ભાગની આપણને જરૂર નથી. તેનો ઉપયોગ બીજા કોઈ કામ માટે કરી શકાય. જેવા કે, તેમાં માટી ભરીને નાનકડા છોડ ઉગાડી શકાય.



૨. ઉપરનો (શંકુ આકાર) ભાગ લઈને ઢાંકણું ખોલી નાખીને આપણી ઉઘડેલી કોથળીનો ખુલ્લો છેડો નીચેના ચિત્ર મુજબ શંકુ આકારમાં થઈને ઢાંકણા વાળા ખુલ્લા ભાગમાં પરોવીને બહાર કાઢો.

૩. અને છેલ્લે, કોથળીનું પ્લાસ્ટીક નીચેના ચિત્ર મુજબ ચારે બાજુ ફેલાવીને ઢાંકણું પાછું ટાઈટ બંધ કરી દો. જુઓ થઈ ગઈ તમારી કોથળી ફરી એર-ટાઈટ બંધ.

આ શંકુ આકારનો ઉપયોગ તેનો ચત્તો કરીને ઢાંકણું કાઢી નાખીને એક ગરણી (કેહહીક્ષ્ઞ) તરીકે પણ કરી શકાય.



રસોડામાં અને ફ્રીઝમાં નાની મોટી વસ્તુઓની સાચવણી માટે આ પ્રયોગ ખૂબ કામ લાગે તેવો છે. જરા કરી જોજો. થોડો વિચાર કરશો તો તમને પણ આવા અનેક નુસખા સુઝશે. કોઈપણ નવું સર્જન આનંદ અને સંતોષદાયક હોય છે.

બાળમિત્રો, શિક્ષકગણ, ભૂતપૂર્વ વિદ્યાર્થીમિત્રો પાસે કોઈ સારા પ્રયોગ, નુસખા, ટુચકા હોય તો તે 'શારદ'માં આવકારદાયક છે.

-ઉદયન શાહ

## શ્રધ્ધાંજલિ



સંસ્થાના ભૂતપૂર્વ વિદ્યાર્થી, વ્યવસ્થાપક સમિતિના સભ્ય તથા ટ્રસ્ટી **સ્વ.શ્રી પંકજભાઈ હીરાલાલ દેસાઈનું** તા.૧૫-૫-૧૭ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. પ્રભુ સ્વર્ગસ્થના આત્માને પરમશાંતિ અર્પે તેવી પ્રાર્થના.

**- શારદામંદિર પરિવાર**

---



**સ્વ. કુંજીબેન નવીનભાઈ બેંકર,** જેઓએ શાળાના બાલમંદિર વિભાગમાં ૩૫ વર્ષ સુધી અવિરત સેવાઓ આપી બાળકો તેમજ સહકર્મચારીઓનો પ્રેમસંપાદિત કરેલ. ગત તા. ૮-૮-૨૦૧૭ના રોજ સ્વ. કુંજીબેનનું દુઃખદ અવસાન થયેલ છે. સ્વર્ગસ્થના આત્માને પ્રભુ પરમશાંતિ બક્ષે તેવી શાળા પરિવાર તરફથી પ્રાર્થના.

**Kunjiben** was a great teacher and educator. She loved to teach so to make herself well informed, went to school to learn Motessori training at he age of 45years. Her life was nothing but swimming against tides. She has conquered all the calamities and became successful. Education was so important to her that she sent her grandson to medical school so he has good life. She took care of the family while she was working. She was also good at art, embroidery and painting. She liked to get dressed in style and she kept her sari pallo so nice that it became her trademark.

I am in America and working as Director of a big day care center, my niece has also inherited her genes and become very successful teacher.

We will miss her presence at the home specially when I come home from USA. She went so fast in peace that she avoided taking seva from us. Rest in peace mom.

- Your daughter - Gira Mehta
(શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થિની)

---

## શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ જોગ

આપશ્રી શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થી છો. શાળામાં અભ્યાસ પૂર્ણ કર્યા પછી શાળા સાથેનો સંપર્ક ચાલુ રહે તે હેતુથી શાળા આપના વિષેની માહિતી એકઠી કરવા માંગે છે. તો આ બાબતે સહકાર આપી નીચેની માહિતી શાળાના E-mail Addressપર અથવા રૂબરૂ કાર્યાલય પર મોકલી આપશો.

**શાળાનો E-mail : shardamandir.ahmedabad@gmail.com**

**પૂરૂં નામ, સરનામું , ફોન નં., મો. નં. તથા ઈમેલ એડ્રેસ, વ્યવસાય, છેલ્લે પાસ કરેલું ધોરણ, પાસ કરેલું વર્ષ**


**પ્રકાશક : શારદામંદિર ટ્રસ્ટ,**

નવા શારદામંદિર રોડ, અમદાવાદ-૩૮૦૦૦૭. ફોન : +૯૧-૭૯-૨૬૦૦૨૪૨, ઈમેઈલ : shardamandir1924@gmail.com, વેબસાઈટ : www.sharadamandir.com

'શારદ'નો આ અંક શાળાની વેબસાઈટ ઉપર ઉપલબ્ધ છે.

# અભિનંદન - વિજેતાઓ



જૈનમ્ શાહ અને શર્વ કોઠારી (અર્થશાસ્ત્ર)



પ્રીતિશ પંચાલ, (સ્ટેટ ચેમ્પિયન, કુડો)



વ્રજ કાયસ્થ (ચેસ, વિજેતા)



ખુશખુશાલ થઈને સાંસ્કૃતિક કાર્યક્રમ માણતા બાલમંદિરનાં ભૂલકાંઓ

પ્રકાશક

**શારદામંદિર**

નવા શારદામંદિર રોડ

અમદાવાદ-૩૮૦૦૦૭

ફોન :+91-79-26600242

shardamandir1924@gmail.com

www.sharadamandir.com